ડોલર સામે રૂપિયો વધુ નબળો પડવાની આયાતકારોને ચિંતા

૭૭ અબજ ડોલર સાથે કરન્સી હેજિંગ સપ્ટેમ્બરમાં ઓલટાઈમ હાઈ સપાટીએ રહ્યું

ડોલર સામે રૂપિયો વધુ તૂટવાની ધારણાંએ આયાતકારો દ્વારા ગયા મહિને હેજિંગમાં જંગી વધારો થયો

મુંબઈ, તા. ૫

છે. રૂપિયાની કોઈપણ નબળાઈ સામે સુરક્ષિત રહેવા સપ્ટેમ્બરમાં આયાતકારો દ્વારા ૭૭ અબજ ડોલરના કરન્સી હેજ કરવામાં આવી હોવાનું પ્રાપ્ત ડેટા પરથી જણાય છે.

ક્રુડના ઊંચા ભાવ તથા ઈક્વિટીમાં એફપીઆઈની વેચવાલીથી રૂપિયા પર દબાણ ચાલુ

ડોલર સામે રૂપિયાને વધુ ઘટતો અટકાવવા રિઝર્વ બેન્ક દ્વારા જૂનમાં ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) (એફસીએનઆર-બી) ડિપોઝિટ સ્કીમ જાહેર કરવામાં આવી હતી અને આ સ્કીમ હેઠળ ૧૨૭ અબજ ડોલરનો પ્રવાહ જોવા મળ્યો હતો. આ પ્રવાહ છતાં રૂપિયામાં અપેક્ષિત સુધારો જોવા મળ્યો નથી અને ક્રુડ તેલના ઊંચા ભાવને કારણે રૂપિયા પર દબાણ જળવાઈ રહ્યું છે.

સપ્ટેમ્બરમાં કરન્સી હેજની માત્રા વાર્ષિક ધોરણે ૮૦ ટકા ઊંચી રહી છે એટલું જ નહીં કોઈ એક મહિનામાં ૭૭ અબજ ડોલરનું હેજિંગ અત્યારસુધીનું સૌથી ઊંચુ હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.

આયાતકારોની સરખામણીએ નિકાસકારોનું કરન્સી હેજિંગ ૪૧ અબજ ડોલર રહ્યું છે જે વાર્ષિક ધોરણે ૭૭ ટકા વધુ છે. હેજિંગની માત્રા પરથી કંપનીઓ રૂપિયાની હિલચાલ અંગે કેવી અપેક્ષા રાખે છે તેનો અંદાજ મળી રહે છે.

આયાતકારો તથા નિકાસકારો દ્વારા હેજિંગમાં મોટા તફાવતથી રૂપિયામાં વોલેટિલિટી અટકાવવા રિઝર્વ બેન્કની દરમિયાનગીરી આવશ્યક બની રહે છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.

ક્રુડ તેલના ઊંચા ભાવ તથા ભારતીય ઈક્વિટીસમાં વિદેશી રોકાણકારોની સતત વેચવાલીથી રૂપિયા પર દબાણ જળવાઈ રહ્યું છે. વર્તમાન વર્ષના જાન્યુઆરીથી સપ્ટેમ્બરના ગાળામાં આયાતકારોએ ફોરવર્ડમાં ૫૭૬.૬૦ અબજ ડોલર હેજ કર્યા છે જ્યારે નિકાસકારોએ ૩૦૫.૬૦ અબજ ડોલર હેજ કર્યા હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે.

વર્તમાન વર્ષમાં ડોલર સામે રૂપિયો ૬ ટકાથી વધુ નબળો પડયો છે અને એશિયામાં રૂપિયાનો સૌથી નબળો દેખાવ રહ્યો છે. એફસીએનઆર સ્કીમ હેઠળ ડોલર પ્રવાહ અપેક્ષા કરતા નોંધપાત્ર વધુ રહ્યો છે જેને કારણે દેશની નાણાં વ્યવસ્થામાં લિક્વિડિટીમાં જોરદાર વધારો થયો હતો.

ફોરેક્સ સ્વાપ્સ વ્યવસ્થાનો ઉપયોગ કરી વધારાની લિક્વિડિટી પાછી ખેંચી લેવા બેન્કો દ્વારા રિઝર્વ બેન્કને અનુરોધ કરાયા બાદ રિઝર્વ બેન્કે બે વીઆરઆરઆર ઓકશન્સ હાથ ધર્યા હતા.

ડોલર પરની નિર્ભરતા ઘટાડવા દેશના નીતિવિષયકો રૂપિયાના આંતરરાષ્ટ્રીયકરણનો સતત પ્રયાસ કરી રહ્યા છે. જેથી રૂપિયાને ઘટતો અટકાવી શકાય.

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી	૨૨૪૧૫૭
મુંબઈ સોનું (૯૯.૫)	૧૪૭૬૦૫
મુંબઈ સોનું (૯૯.૯)	૧૪૮૧૯૮
અમ. ચાંદી	૨૨૮૦૦૦
અમ. સોનું (૯૯.૯)	૧૫૩૦૦૦
અમ. સોનું (૯૯.૫)	૧૫૨૭૦૦
અમ. સિંગતેલ નવો ડબો	૩૦૨૦
અમ. કપાસિયા નવો	૨૭૫૦

ફક્ત સરકારી બોન્ડસનો વૈશ્વિક જીડીપીના ૮૦ ટકાથી વધુ હિસ્સો

વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં વધારો EM માટે ચિંતાનો વિષય

અમદાવાદ, તા. ૫

વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં થયેલો ઉછાળો ઉભરતા બજારો (EM) માટે મૂડીના ખર્ચ સામે નવા પડકારો ઊભા કરે છે, અને હવે તેને માત્ર નાણાકીય નીતિ અને રાજકોષીય નીતિઓના દૃષ્ટિકોણથી જ ન જોઈ શકાય, પરંતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના ડેટ-ફાઈનાન્સિંગ (દેવા દ્વારા ભંડોળ એકત્ર કરવાના) પ્રયાસોની અસર તરીકે પણ જોવું પડશે તેમ આર્થિક બાબતોના સચિવ અનુરાધા ઠાકુરે વૈશ્વિક મૂડી ક્ષેત્રમાં આવેલા એક મોટા ફેરફાર તરફ ધ્યાન દોર્યું હતું.

તેમણે જણાવ્યું કે ફક્ત સરકારી બોન્ડ્સ હવે વૈશ્વિક જીડીપીના ૮૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે, જેનાથી સોવરેન બોન્ડ માર્કેટ રોકાણ કરી શકાય તેવા દેવાનો સૌથી મોટો સ્ત્રોત અને સમગ્ર નાણાકીય વ્યવસ્થામાં મૂડીના ખર્ચ માટેનો બેન્ચમાર્ક બની ગયું છે. સરકારો મોટા પાયે ઉધાર લઈ રહી હોવાથી, રોકાણકારો ફુગાવો, રાજકોષીય અનિશ્ચિતતા અને સમયગાળાના જોખમ માટે વધુ વળતરની માંગ કરી રહ્યા છે.

યુએસ ટ્રેઝરી બોન્ડ યીલ્ડ ૫.૩૪ ટકા પર પહોંચી ગઈ છે, જે ૨૦૦૨ પછીનું સર્વોચ્ચ સ્તર છે, અને જાપાનના લાંબા ગાળાના બોન્ડ યીલ્ડ ૧૯૯૬ પછીના સૌથી ઊંચા સ્તરે છે. ઉભરતા બજારો માટે આ એક મોટો પડકાર ઊભો કરે છે, કારણ કે વૈશ્વિક બોન્ડ બજારોમાં મૂડીની ઓપોર્ચ્યુનિટી કોસ્ટ હોય છે, અને આ બાબતમાં વૈશ્વિક અસંતુલન પણ ઉમેરાય છે. જ્યારે વેપાર તુલનાત્મક ફાયદાઓને બદલે સુરક્ષા અને ભૂ-રાજકીય ચિંતાઓને આધારે ગોઠવવામાં આવે છે, ત્યારે માલસામાન અને મૂડીની હેરફેર ઓછી કાર્યક્ષમ બને છે, સરપ્લસ અને ખાધ ઘર્ષણના કારણો બને છે, અને વિશ્વભરમાં દરેક માટે મૂડીનો ખર્ચ વધુ વધે છે.

એઆઈની આસપાસનું રોકાણ ચક્ર મૂડીની વૈશ્વિક માંગમાં વધારો કરી રહ્યું છે, જેના નિર્માણ માટે ડેટા સેન્ટરો, સેમિકન્ડક્ટર્સ, વીજળી અને ટ્રાન્સમિશન ક્ષમતામાં મોટા રોકાણની જરૂર છે. આ રોકાણોનો મોટો હિસ્સો દેવા દ્વારા પૂરો પાડવામાં આવી રહ્યો છે. તેથી, વૈશ્વિક બોન્ડ યીલ્ડને હવે માત્ર નાણાકીય નીતિ અને રાજકોષીય ખાધના સંદર્ભમાં જ સમજી શકાય નહીં.

ભારતના સતત સુધારાના પ્રયાસો અને વિવેકપૂર્ણ મેક્રોઈકોનોમિક મેનેજમેન્ટ પર ભાર મૂકતા, તેમણે જણાવ્યું હતું કે ભારત આશા રાખે છે કે રમતના નિયમો હજુ પણ જળવાઈ રહેશે અને દેશો એ વાત સ્વીકારશે કે વિશ્વભરમાં વાજબી નિયમો સાથેની ટકાઉ ભાગીદારી જ દરેકને આગળ વધવામાં અને વૈશ્વિક વૃદ્ધિને વેગ આપવામાં મદદ કરશે, જેનો લાભ સૌને મળશે.

વૈશ્વિક બોન્ડ યીલ્ડને હવે માત્ર નાણાકીય નીતિ અને રાજકોષીય ખાધના સંદર્ભમાં સમજી શકાય નહીં. AIના નિર્માણનું વ્યાપક સ્તર હવે તે વાતનો ભાગ છે.

ઉભરતા બજારો માટે મૂડીના ખર્ચ સામે ઊભા થયેલા નવા પડકારો : AIના રોકાણ ચક્રથી મૂડીની વૈશ્વિક માંગમાં વધારો

ક્લોઝિંગ ઓક્શન સેશન : ૨૦,૦૦૦થી વધુ સૂચનો

ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટના નિયમોમાં અમુક ફેરફારની શકયતા

મુંબઈ તા.૫

મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટના ભાવ નક્કી કરવા માટે ક્લોઝિંગ ઓકશનનો ઉપયોગ ઓછામાં ઓછા એક વર્ષ માટે મોકૂફ રાખે એવી શકયતા છે. આ અંગેની જાણકારી ધરાવતા સૂત્રોએ આ માહિતી આપી હતી. ડેરિવેટિવ્ઝના સેટલમેન્ટ માટે છેલ્લી ૩૦ મિનિટના ટ્રેડિંગના વોલ્યુમ-વેઈટેજ સરેરાશ ભાવ અપનાવવામાં આવી શકે છે. જ્યારે ઓછી તરલત ધરાવતા શેરો માટે ક્લોઝિંગ ઓક્શન યથાવત રાખવામાં આવી શકે છે.

આ પગલું સેબી દ્વારા શેરોના અને ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાકટના અંતિમ ભાવ નક્કી કરવા માટે તાજેતરમાં અમલમાં મૂકવામાં આવેલી નવી વ્યવસ્થામાં આંશિક ફેરફાર સમાન હશે. સેબીએ ઓગસ્ટમાં એવા શેરો માટે ક્લોઝિંગ ઓકશન સેશન (સીએએસ) મેકેનિઝમ શરૂ કર્યું હતું, જેના પર ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ કોન્ટ્રાક્ટ ઉપલબ્ધ છે. આ વ્યવસ્થા હેઠળ ટ્રેડિંગ દિવસના અંતે ટૂંકા સમય માટે યોજાતા ઓક્શન દ્વારા શેરનો ક્લોઝિંગ ભાવ નક્કી કરવામાં આવે છે. અમેરિકા અને હોંગકોંગ સહિતના કેટલાક વૈશ્વિક બજારોમાં પણ આ પ્રકારની પદ્ધતિનો ઉપયોગ થાય છે.

પરંતુ નવી વ્યવસ્થાને કારણે ડેરિવેટિવ્ઝની એક્સપાયરીના દિવસે ભાવમાં મોટા પ્રમાણમાં વધઘટ જોવા મળી હતી. જેના પરિણામે સેબીએ સમગ્ર પદ્ધતિની સમીક્ષા કરી હતી. સેબીએ સપ્તાહના અંતે સોશ્યલ મીડિયા એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, નિયમોમાં ફેરફાર અંગે જાહેર કરાયેલા પરામર્શ ડોક્યુમેન્ટના જવાબમાં તેને ૨૦,૦૦૦ જેટલા સૂચનો મળ્યા છે.

સૂત્રોના મતે હવે ડેરિવેટિવ્ઝના સેટલમેન્ટ ભાવ નક્કી કરવા માટે ટ્રેડિંગના છેલ્લા ૩૦ મિનિટનો વોલ્યુમ-વેઈટેજ એવરેજ પ્રાઈસ (વીડબલ્યુએપી) ઉપયોગમાં લેવામાં આવી શકે છે. એટલે કે, દિવસના અંતિમ ૩૦ મિનિટ દરમિયાન થયેલા સોદાના પ્રમાણને ધ્યાનમાં રાખીને ગણવામાં આવતો સરેરાશ ભાવ ડેરિવેટિવ્ઝના સેટલમેન્ટ માટે આધાર બનશે.

બીજી તરફ, ઓછી તરલતા ધરાવતા કેશ માર્કેટના શેરો માટે દિવસનો અંતિમ ભાવ નક્કી કરવા માટે ક્લોઝિંગ ઓકશનની વ્યવસ્થા યથાવત રાખવામાં આવી શકે છે. સેબી આ ફેરફારોનો અમલ આ મહિનાના અંત સુધીમાં કરે એવી શકયતા છે. ઉલ્લેખનીય છે કે, સેબીએ સપ્ટેમ્બરમાં પોતાની સમીક્ષા યોજનાઓમાં એવી દરખાસ્ત પણ કરી હતી કે, ૧૦ મિનિટમાં ક્લોઝિંગ ઓકશન સેશન (સીએએસ) દરમિયાન સૂચકાંકનું સૂચક મૂલ્ય પ્રકાશિત કરવાનું બંધ કરવામાં આવે અને માત્ર વ્યક્તિગત શેરોના સૂચક-ઈન્ડિકેટિવ ભાવ જ જાહેર કરવામાં આવે. સેબીનું માનવું હતું કે, સીએએસની ૧૦ મિનિટની અવધિ દરમિયાન ઈન્ડેક્સનું અંતિમ મૂલ્ય હજુ નક્કી થઈ રહ્યું હોવાથી તેનું સૂચક મૂલ્ય જાહેર કરવું યોગ્ય નથી. પરંતુ સેબીને મળેલા પ્રતિસાદોમાંથી મોટાભાગના સૂચનોમાં જણાવાયું હતું કે, અદ્યતન અને એક્સપર્ટ ટ્રેડિંગ ડેસ્ક પોતાની રીતે આ મૂલ્યની ગણતરી કરી શકે છે. જેથી ઈન્ડેક્સનું સાંકેતિક-ઈન્ડિકેટિવ મૂલ્ય જાહેર કરવાનું બંધ કરવાથી પારદર્શિતા ઘટશે, પરંતુ ભાવમાં ગેરરીતિ કરવાની ચિંતાનો ઉકેલ નહીં આવે, એવું પ્રતિસાદમાં જણાવાયું હતું.

હાલનું ટ્રેડિંગ સમયપત્રક યથાવત રહેવા સંભવ

પ્રાપ્ત પ્રતિસાદોમાં હાલનું ટ્રેડિંગ સમયપત્રક મોટાભાગે યથાવત રાખવા માટે પણ સમર્થન મળ્યું છે. તે મુજબ, સામાન્ય શેર બજારનું ટ્રેડિંગ બપોરે ૩:૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. ડેરિવેટિવ્ઝનું ટ્રેડિંગ બપોરે ૩:૪૫ વાગ્યા સુધી ચાલુ રહેશે. આ વ્યવસ્થા ભાવની યોગ્ય શોધ, એટલે કે સાચા બજાર ભાવ નક્કી થવામાં મદદરૂપ થશે. સાથે સાથે ડેરિવેટિવ્ઝ બજારને કેશ માર્કેટના ક્લોઝિંગ સમય સાથે વધુ સારી રીતે સુસંગત રાખી શકાશે.

ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટના ભાવ નક્કી કરવા માટે ક્લોઝિંગ ઓકશનનો ઉપયોગ એક વર્ષ માટે મોકૂફ રહી શકે છે

ચાલુ સપ્તાહે ૧૮ કંપનીઓના એન્કર લોક-ઈનનો સમયગાળો પૂર્ણ થશે

અમદાવાદ, તા.૫

તાજેતરમાં શેરબજારમાં આઈપીઓ લાવનાર ઘણી કંપનીઓના રોકાણકારો માટે ઓક્ટોબરનું પહેલું પખવાડિયું મહત્વપૂર્ણ રહેશે. તા. ૫ થી ૧૯ ઓક્ટોબર દરમિયાન, ૧૮ કંપનીઓના એન્કર રોકાણકારોનો લોક-ઈનનો સમયગાળો સમાપ્ત થશે. આનો અર્થ એ થયો કે આ કંપનીઓમાં એન્કર રોકાણકારો દ્વારા રાખવામાં આવેલા લાખો શેર હવે વેચાણ માટે ઉપલબ્ધ થશે.

એન્કર ઈન્વેસ્ટરો દ્વારા રાખવામાં આવેલા લાખો શેર હવે વેચાણ માટે ઉપલબ્ધ થશે

આમાંના ઘણા શેર તેમના આઈપીઓ ભાવથી ઘણા ઉપર ટ્રેડ થઈ રહ્યા છે, જ્યારે કેટલાક તેમના આઈપીઓ ભાવથી પણ નીચે આવી ગયા છે. અહેવાલ મુજબ, આ ૧૮ કંપનીઓમાંથી, ૧૪ કંપનીઓ માટે ૩૦-દિવસનો લોક-ઈન સમયગાળો સમાપ્ત થશે, જ્યારે ચાર કંપનીઓ માટે ૯૦-દિવસનો લોક-ઈન સમયગાળો સમાપ્ત થશે. ૩૦-દિવસના લોક-ઈન સમયગાળા દરમિયાન, મોટાભાગની કંપનીઓના કુલ શેરના આશરે ૧૫% વેચાણ માટે ઉપલબ્ધ રહેશે.

મોટા સસ્થાકીય રોકાણકારોને આઈપીઓ પહેલાં એન્કર રોકાણકારો તરીકે શેર ફાળવવામાં આવે છે. આ શેર તાત્કાલિક વેચવાની પરવાનગી નથી. તેઓ ચોક્કસ સમયગાળા માટે લોક-ઈન રહે છે. એકવાર આ સમયગાળો પૂરો થઈ જાય, પછી આ શેર વેચવા પરનો પ્રતિબંધ હટાવવામાં આવે છે. આનો અર્થ એ નથી કે એન્કર રોકાણકારો તે જ દિવસે તેમના શેર વેચશે. તેમની પાસે ફક્ત વેચવાનો વિકલ્પ છે. જો મોટું વેચાણ થાય છે, તો શેરના ભાવ પર દબાણ આવી શકે છે.

જે કંપનીઓનો ૩૦-દિવસનો લોક-ઈન સમયગાળો સમાપ્ત થશે તેમાં પર્પલ સ્ટાઈલ લેબ્સ અને મણિપાલ પેમેન્ટ અને આઈડેન્ટિટી સોલ્યુશન્સ અગ્રણી છે. બંને કંપનીઓના કુલ શેરમાંથી આશરે ૨૨% વેચાણ માટે ઉપલબ્ધ રહેશે.

લ્યુમિનો ઈન્ડસ્ટ્રીઝ, ESDS [illegible] દીપા જ્વેલર્સ, ગ્લાસ વોલ સિસ્ટમ્સ, પ્રસોલ કેમિકલ્સ, કનોહર ઈલેક્ટ્રિકલ્સ, રેન્ટોમોજો, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) અને સ્ટીમહાઉસ ઈન્ડિયામાં આશરે ૧૫% શેર લોક-ઈનથી મુક્ત રહેશે.

આઈપીઓ પછી બધી કંપનીઓના શેરોએ નફો કર્યો નથી. પ્રણવ કન્સ્ટ્રક્શન્સનો સ્ટોક તેના આઈપીઓ ભાવથી લગભગ ૨૦% નીચે ટ્રેડ થઈ રહ્યો છે. પર્પલ સ્ટાઈલ લેબ્સ લગભગ ૭% નીચે છે, અને રેજ ઓફ બિલીફ લગભગ ૫% નીચે છે. આવી સ્થિતિમાં, આ કંપનીઓ માટેનો લોક-ઈન સમયગાળો રોકાણકારો માટે પણ મહત્વપૂર્ણ રહેશે.

વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે સોનાચાંદી મક્કમ: ફેડરલની મિનિટસ પર નજર

(વાણિજ્ય પ્રતિનિધિ)

મુંબઈ, સોમવાર

સપ્તાહના પ્રથમ દિવસે વિશ્વ બજારમાં કિંમતી ધાતુના ભાવમાં સુધારા તરફી ચાલને પગલે ઘરઆંગણે પણ ગયા સપ્તાહની સરખામણીએ ભાવમાં વૃદ્ધિ જોવા મળી હતી. અમેરિકન સરકારના દેવામાં થઈ રહેલા વધારા તથા ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર વધારવાની શકયતા ઘટી ગયા બાદ વિશ્વબજારમાં સોનાચાંદીમાં સુધારો જોવાયો હતો. જો કે ડોલરમાં મજબૂતાઈને પગલે સુધારો સીમિત રહ્યો હતો. વિશ્વ બજારમાં પૂરવઠો વધવાના સંકેતે ક્રુડ તેલમાં સ્થિરતા જોવા મળી હતી. ડોલર સામે રૂપિયો પ્રમાણમાં સ્થિર રહ્યો હતો.

પૂરવઠો વધવાના સંકેતે ક્રુડમાં ટકેલ વલણ: ડોલરમાં સ્થિરતા

ઘરઆંગણે મુંબઈ ઝવેરી બજારમાં સપ્તાહના પ્રથમ દિવસે ૯૯.૯૦ સોનાના દસ ગ્રામના ભાવ ગયા સપ્તાહના અંતની સરખામણીએ જીએસટી વગર સાધારણ ઊંચા રહી રૂપિયા ૧,૪૮,૧૯૮ બોલાતા હતા. ૯૯.૫૦ના પ્રતિ દસ ગ્રામ જીએસટી વગર રૂપિયા ૧,૪૭,૬૦૫ બોલાતા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના જીએસટી વગર રૂપિયા ૨,૨૪,૧૫૭ ક્વોટ થતા હતા.

જે ગયા સપ્તાહના સત્તાવાર બંધ ભાવની સરખામણીએ રૂપિયા ૩૩૦૦ જેટલા ઊંચા હતા. જીએસટી સાથે ભાવ ત્રણ ટકા ઊંચા મુકાતા હતા. અમદાવાદ સોનાચાંદી બજારમાં ૯૯.૯૦ સોનાના પ્રતિ દસ ગ્રામના ભાવ રૂપિયા ૧,૫૩,૦૦૦ જ્યારે ૯૯.૫૦ના દસ ગ્રામ દીઠ રૂપિયા ૧,૫૨,૭૦૦ બોલાતા હતા. ચાંદી .૯૯૯ એક કિલોના રૂપિયા ૨,૨૮,૦૦૦ ક્વોટ થતા હતા.

સરકારી દેવામાં વધારો સોના માટે ટેકારૂપ બની શકે છે એવો ટ્રેડરો મત ધરાવી રહ્યા છે. અમેરિકન સરકારનું દેવુ ગયા મહિને વધી ૪૦ ટ્રિલિયન ડોલરને પાર કરી ગયુ હતું. સપ્ટેમ્બરમાં યોજાઈ ગયેલી ફેડરલ રિઝર્વની બેઠકની મિનિટસ પર બજારની નજર રહેલી છે. આ મિનિટસ ફેડરલ રિઝર્વ નાણાં નીતિ માટે શું માને છે, તેના સંકેત પૂરા પાડશે. વિશ્વ બજારમાં સોનાના ઔંસ દીઠ ભાવ ૪૧૫૩ ડોલર જ્યારે ચાંદી પ્રતિ ઔંસ ૬૧.૬૨ ડોલર મુકાતી હતી.

મધ્ય પૂર્વમાંથી ક્રુડ તેલની નિકાસ યુદ્ધ પહેલાના સ્તર કરતા વધી જતા અને જી૭ દ્વારા સ્ટોક છૂટો કરવાની જાહેરાત બાદ ક્રુડ તેલમાં સ્થિરતા જોવા મળી હતી. નાયમેક્સ ડબ્લ્યુટીઆઈ બેરલ દીઠ ૯૦.૨૦ ડોલર જ્યારે આઈસીઈ બ્રેન્ટ પ્રતિ બેરલ ૧૦૨.૩૯ ડોલર મુકાતુ હતું. ડોલર ૦.૦૨ પૈસા ઘટી ૯૬.૨૯ રૂપિયા ક્વોટ થતો હતો. યુરો ૦.૬૧ પૈસા ઘટી ૧૦૭.૯૨ રૂપિયા બોલાતો હતો.

ફોરેક્સ ભાવ

ડોલર	રૂ. ૯૬.૨૯
પાઉન્ડ	રૂ. ૧૨૭.૧૮
યુરો	રૂ. ૧૦૭.૯૨
બ્રેન્ટ ક્રૂડ	૧૦૨.૩૯ ડોલર

કેશ એન્ડ ફ્યુચર ઓપ્શન સ્ટ્રેટેજીસ

ફ્યુચર માર્કેટ

- કલ્યાણ જ્વેલર્સ : (૫૬૦)નો ઓક્ટોબર માસનો ફ્યુચર ૫૬૦ ઉપર ૫૩૫નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૫૭૫, ટાર્ગેટ -૨ ૫૮૫ સુધી સુધારાની શક્યતા છે.
- HCL ટેકનોલોજીસ : (૧૧૯૫)નો ઓક્ટોબર માસનો ફ્યુચર ૧૧૯૫ નીચે ૧૨૩૫ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૧૮૦, ટાર્ગેટ -૨ ૧૧૬૫ સુધી ઘટાડાની શક્યતા છે.

કેશ માર્કેટ

- ધૂત ટ્રાન્સમિશન : (૧૫૨૫) ૧૫૨૫ ઉપર ૧૪૬૦ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૧૫૭૫, ટાર્ગેટ -૨ ૧૫૯૫ સુધી સુધારાની શક્યતા છે.
- લિન્ડે ઈન્ડિયા : (૬૦૪૧) ૬૦૪૧ નીચે ૬૩૦૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૫૮૦૦, ટાર્ગેટ -૨ ૫૭૦૦ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

ADMISSION OPEN
સરકારી નોકરી આપતો નર્સિંગ કોર્સ
A.N.M.
(૨ વર્ષ) ફક્ત બહેનો માટે
G.N.M.
(૩ વર્ષ)12th Pass
B.Sc.(N)
(૪ વર્ષ)12th Pass B Group
ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય
શ્રી એચ.એન.શુકલ નર્સિંગ કોલેજ
જુના માર્કેટીંગ યાર્ડ પાછળ, લાલપરી તળાવ પાસે, રાજકોટ
✆ 78628 66174
✆ 78620 29732

SBI ભારતીય સ્ટેટ બેંક | એસ.એમ.ઈ. ગોંડલ રોડ બ્રાન્ચ (૬૦૩૪૪) રાજકોટ.

ઈ-હરાજી વેચાણ નોટીસ

સરફેસી એક્ટ હેઠળ અસ્થાવર /સ્થાવર મિલ્કતોની વેચાણ નોટીસ ◆ APPENDIX - II-A- [SEE PROVISON TO RULE 6 (2)] AND APPENDIX IV-A-[SEE PROVISON TO RULE 8(6)]

સિક્યોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર/અસ્થાવર મિલ્કતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ, સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨) ની કલમ ૬(૨) અને ૮(૬) સાથે વંચાણે લેતા આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ઋણકર્તાઓ અને ગેરેન્ટરોને ખાસ કરીને નોટીસ આપીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાવર/અસ્થાવર મિલ્કતો સુરક્ષિત લેણદારને તારણમાં/ગીરે કરેલ છે. તેનું **ભારતીય સ્ટેટ બેંક**ના અધિકૃત અધિકારી દ્વારા સાંકેતિક/પ્રત્યક્ષ (નીચેના ટેબલ મુજબ) કબજો મેળવી લીધેલ છે. અને સદર મિલ્કતો **"જ્યાં છે, જેમ છે, જે કાંઈ છે તેના આધારે"**બેંક નાં બાકી લેણાંની વસુલાત માટે, નીચે જણાવેલ શરતોને આધિન **તા.૦૭-૧૧-૨૦૨૬** ના રોજ ઈ-હરાજીથી વેચાણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ક્રમ નં.	મિલકતનું વર્ણન	વસુલાતની રકમ	કબજાનો પ્રકાર/તારીખ	દેવાદાર/ડાયરેક્ટર્સ/ભાગીદાર/પ્રોપરાઈટર/જામીનદાર/ગીરવેદારનું નામ	માલિકી હક્ક ધરાવનારનું નામ	રીઝર્વ પ્રાઈઝ(કરોડમાં)/ઈએમડી/બિડ વધારાની રકમ	નિરીક્ષણ તારીખ અને સમય
૦૧	ફેક્ટરીની જમીન તથા મિલકત જેનો સર્વે નં. ૧૬૬/પી૧, એન.એ.જમીન, ઘરખડી રોડ, રાજકોટ-ગોંડલ હાઈવે, ગોમટા, તાલુકો : ગોંડલ, જી. રાજકોટ ખાતે બીનખેતીની જમીન ઉપર આવેલ ૨૭૩૧૦ ચો.મી. માપની જે ક્લાસીક કોટન પ્રાઈવેટ લિમિટેડના નામની છે.	ડિમાન્ડ નોટીસની તારીખ ૦૩-૧૨-૨૦૨૪ મુજબની રકમ રૂ.૨૦,૬૭,૪૮,૦૧૫/- (રૂપિયા વીસ કરોડ સડસઠ લાખ, અડતાલીસ હજાર પંદર) અને ત્યાર પછીનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ તા. ૦૩-૧૨-૨૦૨૪ સુધીના	સાંકેતિક કબજો તા.૧૭.૦૨.૨૦૨૫	ક્લાસીક કોટન પ્રા.લિ. (૧) શ્રી મનસુખભાઈ રામજીભાઈ ખાચરીયા (અંગત જામીનદાર) (૨) શ્રી કિશોરભાઈ રામજીભાઈ ખાચરીયા (અંગત જામીનદાર) (૩) શ્રીમતી શાન્તાબેન રામજીભાઈ (અંગત જામીનદાર) (૪) મેસર્સ સૌભાગ્ય પ્રિન્ટ (કોર્પોરેટ જામીનદાર) (૫) મેસર્સ સૌભાગ્ય ઈન્ડસ્ટ્રીઝ (કોર્પોરેટ જામીનદાર)	ક્લાસીક કોટન પ્રા.લિ.	Rs.11.16/- Rs.1.11/- Rs.1,00,000/-	તા.૦૨-૧૧-૨૦૨૬ સવારે ૧૨.૩૦ થી બપોરે ૩.૩૦ સુધી
૦૨	ફેક્ટરીની જમીન તથા મિલકત પ્લોટ નં. ૧, સર્વે નં. ૧૪૦/૨પી, ભાદર કેનાલ સામે, ગામ : નવાગઢ, તા. જેતપુર, જી. રાજકોટ ખાતે બીનખેતીની જમીન પર આવેલ ૨૧૮૮.૫૭ ચો.મી. માપની છે જે શ્રી મનસુખભાઈ એસ. ખાચરીયા અને કિશોરભાઈ એસ. ખાચરીયાના નામે છે.		સાંકેતિક કબજો તા.૧૭.૦૨.૨૦૨૫		શ્રી મનસુખભાઈ એસ. ખાચરીયા અને કિશોરભાઈ એસ. ખાચરીયા	Rs. 3.70/- Rs. 0.37 Rs.1,00,000/-	તા.૦૨-૧૧-૨૦૨૬ સવારે ૧૨.૩૦ થી બપોરે ૩.૩૦ સુધી
૦૩	ફેક્ટરીની જમીન તથા મિલકત પ્લોટ નં.૪, સર્વે નં. ૧૪૦/૨પી, ભાદર કેનાલ સામે, ગામ : નવાગઢ, તા. જેતપુર, જી. રાજકોટ ખાતે બીનખેતીની જમીન પર આવેલ ૧૦૧૮.૩૨ ચો.મી. માપની છે જે શ્રી મનસુખભાઈ એસ. ખાચરીયા અને કિશોરભાઈ એસ. ખાચરીયાના નામે છે.		સાંકેતિક કબજો તા.૧૭.૦૨.૨૦૨૫		શ્રી મનસુખભાઈ એસ. ખાચરીયા અને કિશોરભાઈ એસ. ખાચરીયા	Rs. 1.70/- Rs. 0.17/- Rs.1,00,000/-	તા.૦૨-૧૧-૨૦૨૬ સવારે ૧૨.૩૦ થી બપોરે ૩.૩૦ સુધી
૦૪	ફેક્ટરીની જમીન તથા મિલકત પ્લોટ નં.૫, સર્વે નં. ૧૪૦/૨પી, ભાદર કેનાલ સામે, ગામ : નવાગઢ, તા. જેતપુર, જી. રાજકોટ ખાતે બીનખેતીની જમીન પર આવેલ ૧૦૧૮.૩૧ ચો.મી. માપની છે જે સૌભાગ્ય ઈન્ડસ્ટ્રીના નામે છે.		સાંકેતિક કબજો તા.૧૭.૦૨.૨૦૨૫		સૌભાગ્ય ઈન્ડસ્ટ્રીઝ	Rs. 1.64/- Rs. 0.16/- Rs.1,00,000/-	તા.૦૨-૧૧-૨૦૨૬ સવારે ૧૨.૩૦ થી બપોરે ૩.૩૦ સુધી
૦૫	રહેણાંકીય ઘર પ્લોટ નં.૬૨ જે બીન ખેતી જમીન ઉપર આવેલ છે જેનો સર્વે નં. ૭૭૩૮/પી, દેસાઈ વાડી, સોમનાથ મંદિર પાસે, ગામ : નવાગઢ, તા. જેતપુર, જી. રાજકોટ જેનું માપ ૧૦૫.૩૬ ચો.મી. છે શ્રી મનસુખભાઈ એસ. ખાચરીયા અને કિશોરભાઈ એસ. ખાચરીયાના નામે છે.		સાંકેતિક કબજો તા.૧૭.૦૨.૨૦૨૫		શ્રી મનસુખભાઈ એસ. ખાચરીયા અને કિશોરભાઈ એસ. ખાચરીયા	Rs. 0.27/- Rs. 0.02/- Rs. 10,000/-	તા.૦૨-૧૧-૨૦૨૬ સવારે ૧૨.૩૦ થી બપોરે ૩.૩૦ સુધી
૦૬	સર્વે નં. ૧૯૬/પી૧, નેશનલ હાઈવે, ૨૭-એ, ગોમટા, રાજકોટ-ગોંડલ હાઈવે, તાલુકો : ગોંડલ, જી. રાજકોટ ખાતે આવેલ ક્લાસીક કોટન પ્રાઈવેટ લિમિટેડમાં આવેલ પ્લાન્ટ અને મશીનરી		સાંકેતિક કબજો તા.૧૭.૦૨.૨૦૨૫			Rs. 0.63/- Rs. 0.06/- Rs.10,000/-	તા.૦૨-૧૧-૨૦૨૬ સવારે ૧૨.૩૦ થી બપોરે ૩.૩૦ સુધી
૦૭	પ્લોટ નં. ૫, સર્વે નં. ૧૪૦/૨પી, ભાદર કેનાલ સામે, ગામ : નવાગઢ, તા. જેતપુર, જી. રાજકોટ ખાતે આવેલ સૌભાગ્ય ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ પ્લાન્ટ અને મશીનરી		સાંકેતિક કબજો તા.૧૭.૦૨.૨૦૨૫			Rs. 0.1/- Rs. 0.01/- Rs. 10,000/-	તા.૦૨-૧૧-૨૦૨૬ સવારે ૧૨.૩૦ થી બપોરે ૩.૩૦ સુધી
૦૮	પ્લોટ નં. ૧ અને ૪, સર્વે નં. ૧૪૦/પી૨, કેનાલ સામે, ધોરાજી રોડ, તા. જેતપુર, જી. રાજકોટ ખાતે આવેલ સૌભાગ્ય ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ પ્લાન્ટ અને મશીનરી		સાંકેતિક કબજો તા.૧૭.૦૨.૨૦૨૫			Rs. 1.11/- Rs. 0.11/- Rs.1,00,000/-	તા.૦૨-૧૧-૨૦૨૬ સવારે ૧૨.૩૦ થી બપોરે ૩.૩૦ સુધી

ઈ-હરાજીની તારીખ અને સમય : ૦૭/૧૧/૨૦૨૬, સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ કલાક, પ્રત્યેકે ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત, "ઈચ્છુક બિડરો રસ ધરાવતા ઉમેદવારો ભાગ લેવા માટેના પત્ર/કેવાયસી દસ્તાવેજ/ઈએમડી પ્રુફ નો પુરાવો ઈ-ઓકશન બંધ થાય તે પહેલા BAANKNET.COM (PSB Alliance) માં પ્રી-બિડ EMD જમા કરાવી શકે છે. બિડરને BAANKNET.COM બેંક ખાતામાં ચુકવણી પ્રાપ્ત થયા પછી અને ઈ-હરાજી વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કર્યા પછી જ પ્રી-બિડ EMD ની ક્રેડિટ આપવામાં આવશે. બેકીંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બિડરને, તેમના હિતમાં, કોઈપણ છેલ્લી ઘડીની સમસ્યાને ટાળવા માટે પ્રી-બિડ EMD રકમ અગાઉથી સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે." તમામ મિલકત માટેના અધિકૃત અધિકારીઃ શ્રીમતી રાગીણી શાહ : મો.૯૯૦૯૦૨૮૨૪૫, શ્રી પંકજ ગુબાણી : ૯૮૨૪૪૮૭૯૭૬, વધુ વિગત માટે : ૮૧૪૧૯૮૬૮૧૬

નિયમો અને શરતોઃ હરાજી અમારા ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર મેસર્સ પીએસબી એલાયન્સ પ્રાઈવેટ લિમિટેડ ઓનલાઈન હરાજી હાથ ધરવામાં આવશે જેનું રજીસ્ટર્ડ કાર્યાલય : ચોથા માળે, મેટ્રો હાઉસ, મહાત્મા ગાંધી રોડ, ધોબી તળાવ, ન્યુ મરિન નજીક, મુંબઈ-400020 (સંપર્ક ફોન અને ટોલ ફ્રી નં. : હેલ્પડેસ્ક : +918291220220) વેબ પોર્ટલ https://Baanknet.com પર વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, સુરક્ષિત ક્રેડિટરની વેબસાઈટ https://bank.sbi/web/sbi-in-the-news/auction-notices/bank-e-auctions માં આપેલી લીંક ઉપર ઉપલબ્ધ છે.

સરફેસી એક્ટ ૨૦૦૨ અન્વયે ૩૦ દિવસની સ્ટેચ્યુટરી વેચાણ અંગેની નોટીસ

(૧) ઉધાર લેનાર/જામીનદારોએ આથી ઉપરોક્ત ઉલ્લેખિત રકમ હરાજીની તારીખ પહેલાં ચુકવવાની રહેશે, જો તેમાં નિષ્ફળ જશે તો મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ તેમની પાસેથી વ્યાજ અને ખર્ચ સાથે કાયદેસર રીતે વસૂલવામાં આવશે. (૨) જો હરાજીની વેચાણ કિંમત અથવા હાઈએસ્ટ બીડની રકમ રૂ.૫૦ લાખ કે વધુ હોય તો સફળ થયેલ બીડરની જવાબદારી બનશે કે તેણે ધારા ૧૯૪-૧ એ ના અંતર્ગત TDS@1% ભરવાનો રહેશે. TDS ફોર્મ 26QB પ્રમાણે ઓનલાઈન ભરવાનો રહેશે. અને ફોર્મ 16B પ્રમાણે TDS પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ખરીદનારે સરકારી ખાતામાં ભરેલ આવકવેરાનો પુરાવો હરાજીના ૧૫ દિવસમાં રજુ કરવાનો રહેશે. (૩) જ્યાં ફેક્ટરી, જમીન અને મકાન તેમાં આવેલ પ્લાન્ટ અને મશીનરી એમ બંને કોઈપણ ખરીદ કરનાર માટે હરાજી માટે મુકવામાં આવે છે, EMD માત્ર ફેક્ટરી, જમીન અને મકાન માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ફેક્ટરીની જમીન અને મકાનનું વેચાણ તેના ઉપર રહેલ પ્લાન્ટ અને મશીનરી વેચાણ પછી જ કરવામાં આવશે. (૪) બિડ દ્વારા ચુકવવામાં આવનારી બીડની રકમ પરનો GST બીડરે ચુકવવાનો રહેશે.

અધિકૃત અધિકારી, ભારતીય સ્ટેટ બેંક
એસ.એમ.ઈ. બ્રાન્ચ, ગોંડલ રોડ, રાજકોટ.

તારીખ : ૦૫-૧૦-૨૦૨૬, સ્થળ : રાજકોટ

(નોંધ : વાદ-વિવાદના કિસ્સામાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલ જાહેરાતનો મુસદ્દો માન્ય ગણાશે.)